acknowledgement

# આ ક્ષણે.....

મને શરુઆતથી જ વાર્તા પ્રત્યે આકર્ષણ હતું. એટલે એમ કહી શકાય કે ભાવતું હતું ને વૈદ્યે કહ્યું. આ તો સમજાયું પણ માનવ એવો વાર્તા સંદર્ભે વિષય પસંદ કર્યો અને મને ગમી પણ ગયો એ મારા સ્વભાવને કારણે જ કદાચ હું પસંદ કરી શક્યો હોઉં એમ મને લાગે છે.

મારા માર્ગદર્શકે મને આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં માનવ એ વિષય પર સંશોધન કરવા માટે તરત જ હા પણ પાડી આ બધું લગભગ જે નિર્ધારાયું હોય છે તેનો જ કદાચ એક ભાગ હોય એવું માનીએ તો પણ એ વાતને નકારી ન શકાય. મેં તો આ વિષય પર કામ કરવા માંડ્યું અને લગભગ મને આ કામ કરતા-કરતા જ સાચા માનવનું દર્શન પણ થયું. ઘણા સંઘર્ષ પછી આ કામ પાર પડ્યું.

અહીં વિષય મુજબ શીર્ષકને ન્યાય આપીને માત્ર આધુનિક નહીં પણ પરંપરાગત વાર્તા વિશે પણ તુલનાત્મક વાત વણી લીધી છે. આમ તો આખો અભ્યાસ વિવેચનાત્મક પધ્ધતિથી કર્યો છે.અહીં આધુનિક વાર્તા એટલે સુરેશ જોશીથી શરુ કરીને છેક અત્યાર સુધી લખાતી આવેલી આધુનિક વાર્તાઓને સાંકળી લીધી છે. ખાસ અહીં સમય વધુ સાચવ્યો છે. આ કાર્યમાં મને ચોથું પ્રકરણ લખવાની વિશેષ મજા પડી કેમ કે આમાં જ તો આખા નિબંધનું હાર્દ સમાયેલું છે. કોઈ પણ સંશોધકને નડે એવી મર્યાદા મને પણ અહીં નડી એટલે એવી જ વાર્તાઓ પસંદ કરી કે જેના દ્વારા વધારે સ્પષ્ટતા પૂર્વક હું આધુનિક, વાર્તા અને તેમાં નિરુપાયેલ માનવ વિશે ટુ ધ પોઈંટ વાત કરી શકું. અહીં વધુમાં વધુ સર્જકોની મહત્વની વાર્તાઓને સાંકળીને આ વિષયને ન્યાય આપવાનો પ્રયત્ન કર્યો છે. અત્યાર સુધીના જેટલા વિવેચકોએ વાર્તા પર લખ્યું છે તે સહુને સામે રાખીને વાર્તાઓ પસંદ કરી છે. શક્ય એટલો એવો પ્રયત્ન રાખ્યો કે કોઈ પણ મહત્વની કૃતિ રહી ન જાય કે જે મારા વિષયમાં ન હોય તો તૃટિ લેખાય. હા, એક વાત એ છે કે અહી જેટલી વાર્તાઓ લીધી છે તે બધી વાર્તાઓ વિશે વધુ લખાયું નથી અને કદાચ મજા પણ એની જ હોવી જોઈએ. જેના વિશે ઓછું લખાયું હોય અને જો એવી કોઈ સત્વશીલ કૃતિ કોઈ વાર્તાકારની મળી જાય તો પહેલા તો મને એનો આનંદ થયો કે મારા દ્વારા કંઈક નવીન એ વાર્તાઓ દ્વારા મેં ઉઘાડી આપ્યું. બાકી તો બજારમાં ઉત્તમ વાર્તાઓ અને આધુનિક વાર્તાઓ એવા નામકરણ વાળી વાર્તાઓ ક્યાં નથી મળતી. સાહિત્ય જગતની સ્થિતીથી કોણ વાકેફ નથી. એટલે મને ખુશી એ વાતની છે કે મને માર્ગદર્શન ઘણું સારુ મળ્યું.

આ ક્ષણે એટલું જ કહીશ કે મારા આ શોધ નિબંધ દ્વારા ગુજરાતી સાહિત્ય જગતને કંઈક સારુ ભાથું પુરું પાડવાનો મારો પ્રયત્ન સફળ રહે તો એનાથી વધુ અદકેરી ખુશી બીજી શું હોય ?

GUJARAT UNIVERSITY LIBRARY AHMEDABAD

# અને છેલ્લે...

હું તો ધો. દસ પછી અભ્યાસ છોડી દેવાનો હતો. કારણ અભ્યાસ પ્રત્યે હું ખૂબ જ ઉદાસીન હતો. પરંતુ ધો. ૧૧માં ઇનામમાં મળેલી એક પેનથી પ્રોત્સાહિત થઈને હું વર્લ્ડ કોન્ફરન્સમાં પેપર પ્રેઝન્ટેશન કરવાની તક સુધી પહોંચ્યો. અને અત્યારે હું નવા જ મુકામ પર છું. એકથી પણ વધારે શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં કરેલા મારા કાર્યથી મારો સર્વાંગી વિકાસ થયો. હું દુઃખમાં હોંઉ છું ત્યારે આ પળોને વાગોળુ છું. મારા જીવનનો આ એક મંગળ ભાગ છે જેને હું મિત્રો વચ્ચે વહેંચીને સુખ પામી શકું છું. મારા જીવનમાં એક પ્રોત્સાહક પેન દ્વારા ટર્નિંગ પોઇંટ આવ્યો.

મારા જીવનનો આ ક્ષણે યાદ કરવા જેવો બીજો ભાગ તે મારી પરિસ્થિતિ છે. ધો. ૧૧ પછી મેં થોડાંક ટ્યુશન આપવા માંડ્યા અને પિતાની સાથે દુકાનમાં કામ પણ શીખ્યો. અભ્યાસ અને ધંધો બંને પ્રવૃત્તિમાં એક સાથે ધ્યાન આપવા માંડ્યું. કારણ ઘરમાં રહેવા - ટકવા માટે આ જરૂરી હતું. ઘરની આર્થિક - નબળી પરિસ્થિતિને કારણે બંને પ્રવૃત્તિમાં મનથી સમય ફાળવતો. છેક એમ. એ., બી.એડ્ અને પીએચ.ડી. સુધીનો અભ્યાસ નીજ કમાણીએ પૂરો કર્યો.

છેલ્લી ડીગ્રી એમ.એ. પછી આગળ ભણાશે કે કેમ ? એની મને ખબર નહોતી. પરંતુ અચાનક મને અમદાવાદ ગુજરાત યુનિ.માંથી U.G.C.ના રીસર્ચ પ્રોજેક્ટમાં આસિસ્ટન્ટ તરીકે જોબ મળી. અહીં નવી આશાનું કિરણ દેખાયું. યુનિ.ની નોકરીમાં પગાર અનિયમિત મળતા મેં દૂધ અને બ્રેડ ખાઇને પણ દિવસો વિતાવ્યા છેવટે યુનિ.થી કંટાળીને હું પ્રેસ રીપોર્ટર બન્યો, પછી પ્રૂફ રીડર, કમ્પ્યૂટર કંપોઝર, સામાજિક સંસ્થાનો ઇન્ચાર્જ, વિઝીટીંગ લેક્ચરર અને છેલ્લે યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી.ના લેક્ચરર મળ્યા. નિયમિત આવક શરૂ થઈ, અને હાલ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી રહ્યો છું. પરંતુ મને આ સ્થાન સુધી પહોંચવામાં ઘણા બધા સંઘર્ષો કરવા પડ્યા. આખા ગુજરાતમાં ફાટી નિકળેલા ૨૦૦૨ના કોમી રમખાણમાં મને માનવની સાચી પરિસ્થિતિનું એક વરવુ દશ્ય જોવા મળ્યો, ખુદ હું પણ આ રમખાણોનો ભોગ બન્યો અને છતાં આ બધા જ કપરા સંજોગોમાંથી પણ માર્ગ કાઢી આ કાર્ય પૂરી જહેમતથી મેં પાર પાડ્યું.

આ શુભ ક્ષણે હું, સ્વ.જયંતિલાલ પારેખના વંદનીય પરિવારને એક વિશેષ સંદર્ભમાં સ્મરુ છું. આપણા ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ એવા સ્વ.જયંતભાઈ કોઠારીના પરિવારે મને તોફાનો બાદ જયંતભાઈની અંગત લાયબ્રેરીમાંથી મને મારા સંશોધનકાર્યમાં સહાયક એવા પુસ્તકો ભેટ સ્વરૂપે મળ્યા તેમના પરિવારનો પણ આ ક્ષણે જેટલો આભાર માનું એટલો ઓછો છે. આ ઉપરાંત જનાબ હમીદ ચાચા અને જે.એચ.આઈ. લાયબ્રેરીનો વિશેષ્ આભારી છું.

સૌથી મહત્ત્વના મિત્રો કે જેમને મને રાત-દિવસ પ્રેમપૂર્વક ટોર્ચર કરી મને આ થેસિસ લખવાની હૂંફ આપી તેવા જનાબ ડૉ.કાઈદ જોહર, મ. ફાતેમા, જનાબ યાહ્યા, અરવા સપાટવાલા, પ્રા. ભરત કાછડિયા, અશોક સુતરિયા, તલ્લીન બૂચ, અલકા પ્રજાપતિ, મુકેશ ભટ્ટ, અકબરી ટીનવાલા, અને જેના વિના આ થેસિસ આખરી ઓપ ન પામ્યો હોત તેવા સ્નેહી જયંત-કિન્નરી ઉમરેઠિયા અને ડૉ. રતિલાલ રોહિતને જો આ ક્ષણે યાદ ન કરું તો ન ગુણો કહેવાઉં.

મને મારા ભાષા-સાહિત્ય ભવનના પ્રોફેસર ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ સાહેબે જો પોતાના માર્ગદર્શન હેઠળ જગ્યા ન આપી હોત તો હું ક્યારેય આ અવસરને વધાવી ન શક્યો હોત. જીંદગીના અંતિમ શૈક્ષણિક ટર્નીંગ પોઇંટ પર શ્રી પ્રસાદભાઈ ફરિશ્તા બનીને મળ્યા છે. એથી વિશેષ શું કહું ? આ સાથે મા. ડૉ. કુમારપાળ દેસાઈ, મા. ડૉ. સતીશભાઈ વ્યાસ, મા.ડૉ.ચિનુભાઈ મોદી, મા.ડૉ.શ્રીમતી કીર્તિદાબેન જોશી, મા.શ્રીમતી ડૉ. રંજના હરીશ, ડૉ. શ્રીમતી ચાંદબીબી, ડૉ. શ્રી રઘુવીરભાઈ ચૌધરી, વગેરેનો પ્રત્યક્ષ પરોક્ષ રીતે સાથ - સહકાર મળ્યો તે બદલ આભાર વ્યક્ત કરું છું.

જેમને માતૃતુલ્ય ગણું છું એવા સુ.શ્રી જ્યોત્સ્ના નાયક, ભારતીબેન દેશપાંડે, બકુલાબેન બૂચ, રશ્મિતાબેન સુમન શાહ, વગેરેએ પણ મને લાગણી ભરી હૂંફ આપી છે. આમનો પણ આભારી છું.

મને વિશેષ રીતે મદદરૂપ થનાર બે સહૃદયી મિત્રો ટીના પારેખ અને હિના મલેકનો અંગત આભારી છું.

મને પુસ્તકો માટે સતત મદદરૂપ થનાર સાહિત્ય પરિષદના શ્રી ગંગારામભાઈનો વિશેષ આભારી છું. જનાબ મુનવ્વરઅલી સૈયદ, ઝેનિથ હાઈસ્કૂલ, અંકલેશ્વરના આચાર્ય જનાબ તાજુદ્દીનભાઈ સૈયદ અને મહેરાઝઆપા એઝાઝભાઈ મલેક આ સહુનો પણ હું ઋણી છું.

મારી મિત્રતા ખૂબ જ મોટો વિસ્તાર પામેલી છે એટલે અહીં ટૂંકમાં એ સહુ મિત્રોનો પણ હું અહીં ખરા દિલથી આભારી છું જેમને મારા માટે હમેશાં પોતાના હૃદય દ્વાર ખુલ્લા રાખ્યા.

અંતે મને આ મુકામ સુધી ખૂબ જ સબર રાખીને જેમને મને નિરંતર હૂંફ આપ્યા કરી અને મારી અત્યાર સુધીની સઘળી સફળતાઓનું શ્રેય જેના ફાળે જાય છે તેવા માતા-પિતાને તો કેમ ભુલાય. છેલ્લે હું એટલું જ કહીશ કે - "જગતની સહુ કડિયોમાં સ્નેહની સર્વથી વડી".

-અબ્બાસી પાદરિયા

GUJARAT UNIVERSITY LIBRARY AHMEDABAD